Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 7.384
Volume - 8, Issue - 1, January - 2025

DOIs:10.2018/SS/202501011 --:-- Research Paper / Article / Review

૧૯ મી સદીમાં ગુજરાતમાં દૂધપીતીના રિવાજની નાબૂદી માટે થયેલ પ્રયાસો

ચૌહાણ જીતેન્દ્રભાઈ ગોરધનભાઈ
પી.એચ.ડી. સંશોધાર્થી(NET-JRF) ઇતિહાસ વિભાગ, સમાજવિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટિ, અમદાવાદ.
Email - imjitendrachauhan013@gmail.com

સારાંશ (Abstract) : ઓગણીસમી સદીના ગુજરાતમાં દૂધપીતી (Female Infanticide) એક ગંભીર સામાજિક સમસ્યા તરીકે અસ્તિત્વમાં હતી, જે મુખ્યત્વે રાજપૂત, જાડેજા અને અન્ય ઉચ્ચ વર્ણીય સમુદાયોમાં પ્રતિષ્ઠા, દહેજપ્રથા, આર્થિક બોજ અને સામાજિક માન્યતાઓના પરિણામે વિકસિત થઈ હતી. આ સંશોધનપત્રમાં ગુજરાતમાં દૂધપીતી નાબૂદી માટે હાથ ધરાયેલી ચળવળનું ઐતિહાસિક, સામાજિક અને વહીવટી પરિપ્રેક્ષ્યમાં વિશ્લેષણ કરવામાં આવ્યું છે. બ્રિટિશ શાસન દરમિયાન બાળહત્યાની સમસ્યાને નિયંત્રિત કરવા માટે અમલમાં મૂકાયેલી વહીવટી નીતિઓ, રાજકીય કરારો, કાયદાકીય પગલાં અને સ્થાનિક રાજવીઓના સહકારનું તટસ્થ મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. સાથે જ ગુજરાતના સમાજસુધારકો, શિક્ષણપ્રચારકો, ધાર્મિક નેતાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સમાજજાગૃતિ માટે કરવામાં આવેલા પ્રયત્નોનું પણ વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

મુખ્ય શબ્દો (Keywords): દૂધપીતી, કન્યાશિશુ હત્યા, ઓગણીસમી સદી, ગુજરાત, સમાજસુધારણા ચળવળ, બ્રિટિશ વહીવટ, રાજપૂત સમાજ, જાડેજા, બાળહત્યા નાબૂદી, સામાજિક ઇતિહાસ.

1.પ્રસ્તાવના :

૧૯મી સદી દરમિયાન ગુજરાતના કેટલાક રાજપૂત અને ઉચ્ચવર્ગીય સમાજોમાં પ્રચલિત દૂધપીતી (Female Infanticide) એક ગંભીર સામાજિક સમસ્યા હતી. આ પ્રથામાં મુખ્યત્વે નવજાત કન્યાને જન્મ પછી તરત જ દૂધમાં ડૂબાડી અથવા અન્ય રીતે મારી નાખવામાં આવતી હતી. આ અમાનવીય પ્રથાના મૂળમાં સામાજિક પ્રતિષ્ઠા, ઉચ્ચ લગ્નપ્રથા (Hypergamy), કન્યાના લગ્નનો અતિશય ખર્ચ, દહેજપ્રથા, વંશપરંપરાની માન્યતાઓ તથા પુત્રપ્રધાન માનસિકતા જવાબદાર હતાં. ખાસ કરીને કાઠિયાવાડ, કચ્છ અને ઉત્તર ગુજરાતના જાડેજા, જેઠવા, અને અન્ય રાજપૂત કુળોમાં આ પ્રથા વધુ પ્રમાણમાં જોવા મળતી હતી. બ્રિટિશ શાસન દરમિયાન અધિકારીઓએ આ પ્રથાની ગંભીરતા સમજી અને તેના નાબૂદી માટે સંગઠિત પ્રયાસો હાથ ધર્યા, જેના કારણે ગુજરાતમાં સામાજિક સુધારણાના ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ ચળવળનો આરંભ થયો.

2. કઠિયાવાડમાં કન્યાહત્યા નાબૂદ કરવા માટે લેવાયેલા પગલાં :

ગુજરાતના સંદર્ભમાં, ઓગણીસમી સદીની શરૂઆતથી જ બ્રિટિશ અધિકારીઓએ કેટલીક સામાજિક કુરિવાજોને દૂર કરવા માટે કાયદાકીય તેમજ વ્યવહારુ પગલાં લીધાં હતાં. ખાસ કરીને કાઠિયાવાડ અને કચ્છમાં પ્રચલિત કન્યાહત્યા (Female Infanticide)ની પ્રથાને નાબૂદ કરવા માટે નોંધપાત્ર પ્રયાસો કરવામાં આવ્યા. આ કામગીરી સાથે સંકળાયેલા બ્રિટિશ અધિકારીઓમાં જોનાથન ડંકન (Jonathan Duncan), કર્નલ એલેક્ઝાન્ડર વોકર (Colonel Alexander Walker) અને જે. પી. વિલોબી (J. P. Willoughby) નાં નામ વિશેષ ઉલ્લેખનીય છે. ત્યારબાદના વર્ષોમાં કર્નલ લેંગ (Colonel Lang) (કાઠિયાવાડ અને માહીકાંઠા), સર હેનરી પોટિંગર (Sir Henry Pottinger), કર્નલ મેલવિલ (Colonel Melvill), લમ્સડન (Lumsden), રાઇક્સ (Raikes) (કચ્છ), કર્નલ જેકબ (Colonel Jacob), મેલેટ (Malet) (કાઠિયાવાડ) તથા મેજર વોલેસ (Major Wallace) (માહીકાંઠા) જેવા અધિકારીઓએ પણ આ દિશામાં મહત્વનું યોગદાન આપ્યું.

જોનાથન ડંકન (Jonathan Duncan), જે બંગાળ સિવિલ સર્વિસના અધિકારી હતા, તેમણે સૌપ્રથમ બનારસ પ્રદેશના જૌનપુર જિલ્લામાં રહેતા રાજકુમાર નામે રાજપૂતોમાં કન્યાહત્યાની પ્રથા ચાલી રહી હોવાનું શોધી કાઢ્યું હતું. ઈ.સ. 1789માં તેમણે બ્રિટિશ સત્તા હેઠળ આવેલા રાજકુમારો પાસેથી આ પ્રથાનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. ઈ.સ. 1795માં તેઓ મુંબઈના ગવર્નર તરીકે નિયુક્ત થયા. ઈ.સ. 1800માં સુરતની તેમની પ્રથમ મુલાકાત દરમિયાન તેમને શહેરના નવાબના દીવાન કીરપારામ પાસેથી જાણ થઈ કે ગુજરાતની કેટલીક રાજપૂત જાતિઓમાં પણ કન્યાહત્યાની પ્રથા પ્રચલિત છે. બે-ત્રણ વર્ષ પછી ગાયકવાડ વંશની વંશજ ગિરજાબાઈ જે રાજકીય કારણોસર મુંબઈ આવ્યા હતાં, તેમણે પણ આ જ માહિતી આપી. ત્યારબાદ 1804માં માંડવી (કચ્છ) ખાતે રાજકીય કાર્ય પર રહેલા કેપ્ટન સેટન પાસેથી જોનાથન ડંકને વધુ તપાસ કરાવી અને તેમના અહેવાલે અગાઉ મળેલી માહિતીની પુષ્ટિ કરી.

ત્યારપછી 1805માં બ્રિટિશ સેનાના માટે કચ્છ અને કાઠિયાવાડમાંથી ઘોડાની ખરીદીનું કામ કરતા કચ્છી વેપારી સુંદરજી શિવજી પાસેથી પણ આ હકીકતની ખાતરી થઈ. સુંદરજી શિવજીના જણાવ્યા મુજબ સમગ્ર કચ્છમાં જાડેજા રાજપૂતોના માત્ર છ થી આઠ જેટલા ઘરોમાં જ દીકરીઓને જીવતી રાખીને ઉછેરવામાં આવતી હતી. બાકીના મોટા ભાગના જાડેજા પરિવારોમાં કન્યાહત્યાની પ્રથા અમલમાં હતી. તેમણે વધુમાં જણાવ્યું કે માત્ર કચ્છના જાડેજા રાજપૂતો જ નહીં, પરંતુ કાઠિયાવાડના મોરબી, ગોંડલ અને જામનગરના જાડેજા રાજવીઓ અને સરદારોમાં પણ કન્યાહત્યાની પ્રથા વ્યાપક રીતે પ્રચલિત હતી. આ માહિતીના આધારે બ્રિટિશ સરકારે આ અમાનવીય પ્રથાને નાબૂદ કરવા માટે વધુ અસરકારક પગલાં ભર્યાં.

જોનાથન ડંકનને મળેલી માહિતીના આધારે તેમણે તરત જ કાર્યવાહી હાથ ધરી. ઈ.સ. 1805માં તેમણે મેજર એલેક્ઝાન્ડર વોકર, જે તે સમયે ગાયકવાડના દરબારમાં બ્રિટિશ રેસિડેન્ટ હતા, તેમને કન્યાહત્યાની પ્રથાને નાબૂદ કરવા માટે જરૂરી પગલાં લેવા સૂચના આપી. નોંધનીય છે કે જ્યાં આ પ્રથા પ્રચલિત હતી તે દેશી રજવાડાં સીધા બ્રિટિશ સરકારના અધિકારક્ષેત્ર હેઠળ ન હોવા છતાં બ્રિટિશ સરકારે આ દિશામાં સક્રિય હસ્તક્ષેપ કર્યો.

ઈ.સ. 1807થી 1809 દરમિયાન મેજર એલેક્ઝાન્ડર વોકર કાઠિયાવાડમાં કાયદો અને વ્યવસ્થા સ્થાપિત કરવા તેમજ પેશવા અને ગાયકવાડ વતી ખંડણી (Tribute) વસૂલવાના અભિયાન પર હતા. આ સમયગાળા દરમિયાન

તેમણે જાડેજા રાજવીઓ અને સરદારોને કન્યાહત્યાની પ્રથાનો સંપૂર્ણ ત્યાગ કરવાની લેખિત પ્રતિજ્ઞા આપવા માટે સફળતાપૂર્વક પ્રેરિત કર્યા. વોકરે સૌપ્રથમ કચ્છના શાસકને કન્યાહત્યા બંધ કરવા સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમાં તેમને સફળતા મળી નહોતી. ત્યારબાદ જાન્યુઆરી 1808માં તેમણે ગોંડલના શાસકને કન્યાહત્યાની પ્રથાનો કાયમી ત્યાગ કરવાની પ્રતિજ્ઞા સ્વીકારવા માટે રાજી કર્યા. તેમ છતાં, કર્નલ વોકર ભારત છોડ્યા પછી કાઠિયાવાડમાં કન્યાહત્યા નિવારણની ચળવળમાં ખાસ કોઈ નોંધપાત્ર પ્રગતિ થઈ નહોતી.

આ દુષ્પ્રથાને નાબૂદ કરવા માટે બ્રિટિશ સરકારે આગળ પણ વિવિધ પગલાં લીધાં. ઈ.સ. 1825માં 'ઇન્ફેન્ટિસાઇડ ફંડ' (Infanticide Fund)ની સ્થાપના કરવામાં આવી. ઉપરાંત, કન્યાહત્યાના ઉન્મૂલન માટે ગાયકવાડ સરકારનો પણ સહકાર મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

ઈ.સ. 1831થી કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ તરીકે કાર્યરત જોન પી. વિલોબીએ ઈ.સ. 1834માં પોતાનો અહેવાલ રજૂ કર્યો, જેમાં કાઠિયાવાડમાંથી કન્યાહત્યાની પ્રથા નાબૂદ કરવા માટે વિવિધ વ્યવહારુ અને વહીવટી પગલાં સૂચવવામાં આવ્યા હતા.

ત્યારબાદ પોલિટિકલ એજન્ટ એર્સ્કિન્સના સૂચનોના આધારે બ્રિટિશ સરકારે 30 જૂન, 1837ના રોજ એક જાહેરનામું બહાર પાડ્યું. આ જાહેરનામા મુજબ કાઠિયાવાડના રાજવીઓ અને જાડેજા સરદારોને બે વર્ષની અંદર કન્યાહત્યાની પ્રથાનો સંપૂર્ણ ઉચ્છેદ કરવાનો કડક આદેશ આપવામાં આવ્યો. જો તેઓ તેમાં નિષ્ફળ જાય તો તેમની ગીરાસ (જાગીર) જપ્ત કરવામાં આવશે, સમાજમાં તેમનો દરજ્જો ઘટાડવામાં આવશે અને કોઈ પણ જાડેજાને બ્રિટિશ સરકાર સમક્ષ માન-સન્માન સાથે હાજર થવાની મંજૂરી આપવામાં આવશે નહીં; તેમને ઢેડની જેમ દૂર ઊભા રહીને અને પગરખાં ઉતારીને જ સરકાર સમક્ષ રજૂઆત કરવાની ફરજ પડશે. આ જોગવાઈઓનો હેતુ કન્યાહત્યા જેવી અમાનવીય પ્રથાને સામાજિક અને રાજકીય દબાણ દ્વારા સંપૂર્ણપણે નાબૂદ કરવાનો હતો.

૧૮૪૨માં અન્ય પોલિટિકલ એજન્ટ કેપ્ટન જેકબે પોતાના અહેવાલમાં સૂચવ્યું હતું કે ૧૮૩૭ની જાહેરખબર હેઠળ કડક વહીવટી પગલાં લેવા ઉપરાંત સમગ્ર સમાજમાં ઉચ્ચ નૈતિક ભાવના અને જનજાગૃતિ વિકસાવવાનો પણ પ્રયાસ કરવો જોઈએ. તેમના મત મુજબ માત્ર કાયદાકીય દંડ પૂરતો ન હતો, પરંતુ સમાજના લોકોમાં નૈતિક જવાબદારીની ભાવના કેળવવી પણ એટલી જ આવશ્યક હતી.

સરકારે કેપ્ટન જેકબના કેટલાક સૂચનો સ્વીકાર્યા. બાળહત્યા (કન્યાહત્યા)ની પ્રથા વિરુદ્ધ શ્રેષ્ઠ નિબંધ લખનારને રૂ. ૬૦૦ અને બીજા ક્રમના શ્રેષ્ઠ નિબંધ માટે રૂ. ૪૦૦નું ઇનામ જાહેર કરવામાં આવ્યું. આ સ્પર્ધા બોમ્બે નેટિવ એજ્યુકેશન સોસાયટીના વિદ્યાર્થીઓ માટે યોજાઈ હતી. ૧૮૪૪ના અંતે ડૉ. ભાઉ દાજી, જે એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા, તેમણે પ્રથમ ઇનામ મેળવ્યું. સરકારના અધિકાર હેઠળ તેમના નિબંધની અંગ્રેજીમાં ૬૦૦ તથા ગુજરાતીમાં ૧૫૦૦ નકલો છપાવી અને લિથોગ્રાફ પદ્ધતિથી પ્રકાશિત કરવામાં આવી. ગુજરાતી નકલો મુખ્યત્વે કાઠિયાવાડ અને કચ્છ વિસ્તારમાં પ્રચાર અને જનજાગૃતિ માટે વિતરિત કરવામાં આવી હતી.

ધીમે-ધીમે કાઠિયાવાડમાં જાડેજા સમાજની સ્ત્રીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો. ૧૮૩૪માં તેમની સંખ્યા ૬૯૬ હતી, જે વધીને ૧૮૪૧માં ૧૬૬૨ થઈ. ૧૮૪૬ પછી ઇન્ફેન્ટિસાઇડ ફંડનો ઉપયોગ અગાઉની જેમ દેખરેખ (સેન્સરશિપ)ના ખર્ચ માટે તેમજ ગરીબ જાડેજા પરિવારોને તેમની પુત્રીઓના લગ્નમાં આર્થિક સહાય આપવા માટે કરવામાં આવ્યો.

આ પગલાંઓના પરિણામે, ૧૮૪૯ના અહેવાલ મુજબ રાજપૂત જાતિઓ (જાડેજા, જેઠવા અને સુમરા)માં સ્ત્રી અને પુરુષ બાળકોનું પ્રમાણ લગભગ સમાન બન્યું હતું. સ્ત્રી વસ્તીમાં સતત અને નિયમિત વધારો જોવા મળતાં એવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો કે કાઠિયાવાડમાં કન્યાહત્યાની પ્રથા મોટા પ્રમાણમાં નાબૂદ થઈ ગઈ હતી.

3. કચ્છમાં કન્યાહત્યા નાબૂદ કરવા માટે લેવાયેલા પગલાં :

અગાઉ જણાવ્યા મુજબ, ઑક્ટોબર 1819માં કચ્છના રાવ સાથે થયેલી સંધિમાં સમગ્ર કચ્છ પ્રદેશમાં કન્યાહત્યાની પ્રથા નાબૂદ કરવા માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી હતી. તે અનુસાર જાડેજા ભાયાતોએ પણ આ અમાનવીય પ્રથાનો ત્યાગ કરવાની ગંભીર પ્રતિજ્ઞા લીધી હતી. તેમ છતાં, 1825 સુધીમાં સ્પષ્ટ થયું કે આ પ્રથા સંપૂર્ણપણે નાબૂદ થઈ નહોતી. 1839 સુધી પણ આ દિશામાં નોંધપાત્ર સફળતા મળી નહોતી.

માર્ચ 1840માં આ કરારનું ફરીથી નવીનીકરણ કરવામાં આવ્યું. 1840ના અંત સુધીમાં જાડેજા પરિવારોમાં પુત્રીઓ, પૌત્રીઓ અને પ્રપૌત્રીઓની કુલ સંખ્યા માત્ર 335 જેટલી હતી, જે કન્યાહત્યાની ગંભીરતાનું પ્રતિબિંબ હતી.

1844માં 'ઇન્ફાન્ટિસાઇડ ફંડ' (Infanticide Fund)ની સ્થાપના કરવામાં આવી. આ ફંડમાં બ્રિટિશ સરકારે અને કચ્છ રાજ્યએ દર વર્ષે રૂ. 4,000નું યોગદાન આપ્યું. આ ફંડનો મુખ્ય હેતુ ગરીબ જાડેજા પરિવારોને તેમની પુત્રીઓના લગ્નનો ખર્ચ ઉઠાવવામાં આર્થિક સહાય પૂરી પાડવાનો હતો, જેથી કન્યાહત્યા માટે જવાબદાર આર્થિક કારણો ઘટાડવામાં આવે.

1846માં થયેલા નવા કરાર હેઠળ જાડેજા ભાયાતોએ દાયણોને જન્મ અને મૃત્યુની માહિતી નોંધવાની જવાબદારી સોંપવાનું સ્વીકાર્યું. જન્મ-મૃત્યુના રજિસ્ટરો તૈયાર કરીને તે વસ્તીગણતરી અધિકારીઓની તપાસ માટે ઉપલબ્ધ રાખવાના હતા. દર વર્ષે ગામોની મુલાકાત લેતા વસ્તીગણતરી અધિકારીઓ આ નોંધોની ચકાસણી કરતા. મૃત્યુના કિસ્સામાં બે કે ત્રણ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા મૃત્યુનું કારણ પ્રમાણિત કરવાનું પણ ફરજિયાત બનાવવામાં આવ્યું.

આ પગલાંઓના પરિણામો ઉત્સાહજનક રહ્યા. 1842માં કચ્છના જાડેજાઓમાં પુરુષ અને સ્ત્રીનો ગુણોત્તર 8 : 1 હતો, જે 1852માં ઘટીને 3 : 1 થયો અને 1868માં લગભગ 1.04 : 1 સુધી પહોંચી ગયો. આ આંકડાઓ દર્શાવે છે કે સ્ત્રીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હતો.

આ આંકડાકીય પરિણામોના આધારે એવું કહી શકાય કે કચ્છના રાવ અને બ્રિટિશ રાજકીય અધિકારીઓની દેખરેખ, કડક નિયંત્રણો તથા વિવિધ સુધારાત્મક પગલાંઓના દબાણ હેઠળ કચ્છમાં, કાઠિયાવાડની જેમ જ, કન્યાહત્યાની ક્રૂર પ્રથાને મોટા પ્રમાણમાં બંધ કરવામાં સફળતા મળી હતી.

4. ગુજરાતના અન્ય ભાગોમાં કન્યાહત્યા નાબૂદ કરવા માટેના પ્રયત્નો :

ગુજરાતના અન્ય ભાગોમાં કન્યાહત્યાની પ્રથા નાબૂદ કરવા માટે પાલનપુર એજન્સી હેઠળ આવેલા સાંતલપુરના જાડેજાઓએ માર્ચ 1827 તથા જૂન 1853માં બ્રિટિશ સરકાર સાથે કરારો કર્યા હતા. આ કરારો દ્વારા તેમણે કન્યાહત્યાની અમાનવીય પ્રથા બંધ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

મહીકાંઠામાં કન્યાહત્યા વિરોધી પગલાં :

મહીકાંઠા વિસ્તારમાં લેફ્ટનન્ટ કર્નલ લેંગે 1839માં કન્યાહત્યાની પ્રથા હોવાની જાણકારી મેળવી હતી. તેમણે 1842માં આ અંગે મુંબઈ સરકારને અહેવાલ મોકલ્યો. સાથે જ તેમણે ઈડર રાજ્યના પટ્ટાવતો અને સરદારોને પોતાના પરિવારોમાં આ ગુનાનો સંપૂર્ણ ત્યાગ કરવા માટે કરાર કરવા પ્રેર્યા.

પરંતુ માત્ર કરારોથી પૂરતી સફળતા ન મળતાં, કેપ્ટન વોલેસ, જે લેફ્ટનન્ટ કર્નલ લેંગના અનુગામી હતા, તેમણે 1848માં વધુ અસરકારક પગલાં અમલમાં મૂક્યા. તેમણે કન્યાહત્યાના ગુનાઓ શોધી કાઢવા માટે જરૂરી વહીવટી વ્યવસ્થા ઊભી કરી અને ગરીબ મારવાડી પરિવારોને તેમની પુત્રીઓના લગ્નનો ખર્ચ ઉઠાવવામાં આર્થિક સહાય પણ આપવાની યોજના શરૂ કરી. આ પગલાંઓનો મુખ્ય હેતુ કન્યાહત્યાના આર્થિક કારણોને દૂર કરીને આ અમાનવીય પ્રથાનો સંપૂર્ણ અંત લાવવાનો હતો.

રાજપૂતો ઉપરાંત ગુજરાતના કણબી (ખેતીવાડી) સમાજમાં પણ કન્યાહત્યાની પ્રથા પ્રચલિત હતી. ડિસેમ્બર 1847માં અમદાવાદના કલેક્ટર ઈ. જી. ફૉસેટે સરકારનું ધ્યાન લેઉવા કણબીઓના ગામોમાં સ્ત્રીઓની સરખામણીએ પુરુષોની અસામાન્ય રીતે વધુ સંખ્યાની બાબત તરફ દોર્યું. આ ગુનાનું મુખ્ય કારણ એ જણાવવામાં આવ્યું કે દીકરીઓના લગ્ન દૂર વસતા સારા અને ઉચ્ચ કુટુંબોમાં કરાવવા માટે ભારે ખર્ચ કરવો પડતો હતો. ઉપરાંત, ઉચ્ચ કણબી પરિવારો પોતાની દીકરીઓના લગ્ન નજીકના પરિવારોમાં કરવા તૈયાર ન હતા, જ્યારે તેઓ એ જ પરિવારોમાંથી પોતાની પુત્રવધૂ સ્વીકારવામાં સંકોચ અનુભવતા ન હતા. ફૉસેટે જાતિના આગેવાનોને લગ્નખર્ચ ઘટાડવા માટે સ્વૈચ્છિક કરારો કરવા સફળતાપૂર્વક પ્રેરિત કર્યા.

પરંતુ ફૉસેટે એ પણ શોધી કાઢ્યું કે કન્યાહત્યાની પ્રથા માત્ર બ્રિટિશ શાસિત પ્રદેશોમાં જ નહીં, પરંતુ ગાયકવાડના પડોશી પ્રદેશો તથા અમદાવાદ શહેરમાં પણ પ્રચલિત હતી. વધુમાં, ખેડા જિલ્લાના કણબીઓમાં પણ આ ગુનો થતો હોવાનું જાણવા મળ્યું. ભરૂચ અને સુરત જિલ્લાઓ પણ આ પ્રથાથી સંપૂર્ણપણે મુક્ત ન હતા.

આ ગુનાને નાબૂદ કરવા માટે બ્રિટિશ સરકારે જાહેર કર્યું કે બ્રિટિશ હકૂમત હેઠળના પ્રદેશોમાં કન્યાહત્યા સાબિત થાય તો તેને બ્રિટિશ કાયદા અનુસાર હત્યાના ગુના તરીકે ગણવામાં આવશે. આ પ્રથાને રોકવા માટે બ્રિટિશ અધિકારીઓએ સતત દેખરેખ રાખી. જન્મ અને મૃત્યુના આંકડાઓ તથા નોંધણીની વધુ કડક પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી. અત્યંત ગંભીર સંજોગોમાં સરકારે સમગ્ર કણબી સમાજ પર ભારે દંડ લાદવાનો નિર્ણય લીધો, જેનો વસૂલાત જાતિના આગેવાનો દ્વારા કરવામાં આવતો.

વડોદરાના શાસક ગણપતરાવ ગાયકવાડ (1847–1856)ને પણ પેટલાદ અને અન્ય પરગણાઓના પાટીદારોમાં કન્યાહત્યા પર પ્રતિબંધ મૂકતો નિયમ બહાર પાડવા પ્રેરવામાં આવ્યા.

આ રીતે સરકારના સતત અને સખત પ્રયત્નોના પરિણામે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં કન્યાહત્યાનો ગુનો ધીમે ધીમે ઘટતો ગયો. તેમ છતાં, સાવચેતીના પગલા તરીકે ઈ.સ. 1870માં એક કાયદો પસાર કરવામાં આવ્યો, જેના દ્વારા જ્યાં પહેલાં કન્યાહત્યાની પ્રથા પ્રચલિત હતી તે વિસ્તારોમાં જન્મની ફરજિયાત નોંધણી તથા જન્મ પછી કેટલાક વર્ષો સુધી બાળકી જીવિત છે કે નહીં તેની નિયમિત ચકાસણી કરવાની સત્તા સરકારને આપવામાં આવી.

5. સમાપન :

૧૯મી સદીમાં ગુજરાતમાં પ્રચલિત દૂધપીતી (કન્યાશિશુ હત્યા) જેવી અમાનવીય પ્રથાની નાબૂદી માટે થયેલા પ્રયાસો સામાજિક સુધારાના ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થયા. શરૂઆતમાં આ પ્રથાને સમાજની પરંપરા અને પ્રતિષ્ઠા સાથે જોડવામાં આવતી હોવાથી તેનો વિરોધ કરવો અત્યંત મુશ્કેલ હતો. તેમ છતાં બ્રિટિશ શાસકો દ્વારા કરવામાં આવેલી વહીવટી કાર્યવાહી, રાજકીય કરારો, સતત દેખરેખ અને દંડાત્મક પગલાંઓ સાથે સમાજસુધારકો, ધર્મગુરુઓ તથા કેટલાક દેશી રાજવીઓના સહયોગથી આ પ્રથા સામે જનમત ઊભું થયું. શિક્ષણના પ્રસાર, સામાજિક જાગૃતિ અને માનવતાવાદી મૂલ્યોના વિકાસને કારણે કન્યાજન્મ પ્રત્યેનો સમાજનો અભિગમ ધીમે ધીમે બદલાતો ગયો. પરિણામે સદીના અંત સુધીમાં દૂધપીતીની પ્રથા મોટા પ્રમાણમાં નિયંત્રણમાં આવી અને તેની સામાજિક સ્વીકૃતિમાં નોંધપાત્ર ઘટાડો થયો. જોકે તેની સંપૂર્ણ નાબૂદી તરત થઈ નહોતી, છતાં ૧૯મી સદીના પ્રયાસોએ ગુજરાતમાં સ્ત્રીજીવનના સંરક્ષણ, સ્ત્રીના અધિકારોની સ્વીકૃતિ અને અનુગામી સામાજિક સુધારણા આંદોલનો માટે મજબૂત પાયો તૈયાર કર્યો. આથી દૂધપીતી નાબૂદીની ચળવળને ગુજરાતના આધુનિક સામાજિક ઇતિહાસમાં માનવતાવાદ, સામાજિક જાગૃતિ અને સુધારાવાદની એક સફળ અને પ્રેરણાદાયી સિદ્ધિ તરીકે મૂલવી શકાય.

સંદર્ભસૂચિ :

૧. John Wilson, History of the Suppression of Infanticide in Western India, Bombay, 1855.

૨. Gazetteer of the Bombay Presidency, Vol. III, Bombay, 1884.

3. Selection from the Records of the Bombay Government, No. XXXIX, New Series, Part-II, Bombay, 1856.

૪. Selection from the Records of the Bombay Government, No. XV, New Series, Bombay, 1855.

૫. Gazetteer of the Bombay Presidency, Vol. II, Bombay, 1883.

૬. Political Department, Vol. XIX of 1851.

૭. James Foebes, Oriental Memories, Vol. II, Second edition, London, 1834.

૮. Edlaji Dosabhai, History of Gujarat, Ahmedabad, 1894.

૯. R. L. Raval, Socio-Religious Reform Movement in Gujarat During the 19th Century, Delhi, 1984.